ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૦૧-૦૬-૨૦૨૬**

- **છેલ્લા છ મહિનામાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત થઈ બમણી.**
- **નાના દુકાનદારો, હોટેલ વ્યવસાયકારો અને અન્ય વેપારીઓ માટે પરિસ્થિતિ કમરતોડ બની રહી છે. જ્યારે ગેસ મોંઘો થાય છે ત્યારે તેની અસર માત્ર ચૂલા સુધી મર્યાદિત રહેતી નથી; ખાણી-પીણીની વસ્તુઓના ભાવ પર પણ તેની સીધી અસર**
- **બાર વર્ષના સમયગાળામાં કેન્દ્રની ભાજપ સરકારે પેટ્રોલ - ડીઝલમાં સતત એક્સાઈઝ ડ્યુટીમાં વધારો ઝીંકીને ૪૦ લાખ કરોડ જેટલી જંગી રકમ દેશની જનતા પાસેથી વસુલી**
- **સતત વધતી જતી મોંઘવારીથી ગરીબ, સામાન્ય અને મધ્યમવર્ગ માટે જીવન જીવવુ મુશ્કેલ.**
- **આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલ અને એલ.પી.જી.ની કિંમત ઓછી થતી હોય ત્યારે ભાવ ઘટાડાની રાહત દેશના નાગરિકોને કેમ અપાતી નથી ? દેશની જનતા પર મોંઘવારી કેમ ઝીંકવામાં આવી રહ્યો છે ?**

"બહુત હુઈ મહંગાઈ કી માર", "અચ્છેદિન" ના રૂપાળા સૂત્રોથી સત્તા મેળવનાર ભાજપ સરકારમાં મોંઘવારી આસમાને, પેટ્રોલ - ડીઝલના ભાવ બેફામ રીતે વધી રહ્યાં છે ત્યારે કોમર્શિયલ ગેસ સિલિન્ડરમાં છ મહિનામાં બમણો ભાવ વધારો ઝીંકનાર ભાજપા સરકારે જનતા સાથે કરેલી છેતરપીંડી અને વિશ્વાસઘાત અંગે જવાબ માંગતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, રસોઈ ગેસ કે મોંઘવારીનો તમાચો? ક્યારેય મોંઘવારી ઘટાડવાના દાવા કરવામાં આવ્યા હતા, પરંતુ આજે ગેસ સિલિન્ડરની કિંમતો સામાન્ય માણસના રસોડાના બજેટને ખોરવી રહી છે. ઘરેલુ એલપીજી સિલિન્ડર, જે ૨૦૧૦માં આશરે રૂ ૩૪૫- રૂ. ૩૬૦ હતો, તે આજે લગભગ રૂ. ૯૧૩ સુધી પહોંચી ગયો છે. એટલે કે રસોડાનો ખર્ચ લગભગ અઢી ગણો બોજ બની ગયો છે. કોમર્શિયલ સિલિન્ડર, જે ૨૦૧૦માં લગભગ રૂ.૧,૦૨૫ હતો, તે આજે રૂ. ૩,૧૧૩ સુધી પહોંચી ગયો છે. એટલે કે નાના દુકાનદારો, હોટેલ વ્યવસાયકારો અને અન્ય વેપારીઓ માટે પરિસ્થિતિ કમરતોડ બની રહી છે. જ્યારે ગેસ મોંઘો થાય છે ત્યારે તેની અસર માત્ર ચૂલા સુધી મર્યાદિત રહેતી નથી; ખાણી-પીણીની વસ્તુઓના ભાવ પર પણ તેની સીધી અસર પડે છે. સવાલ એ છે કે જો સિલિન્ડર 2.5 થી 3 ગણો મોંઘો થયો હોય, તો શું સામાન્ય માણસની આવક પણ એટલી જ વધી છે? કે પછી માત્ર ખર્ચ જ વધ્યો છે?દરેક વખતે આંતરરાષ્ટ્રીય બજાર અને અન્ય કારણોનો હવાલો આપી જવાબદારીથી બચવું શું જનતા સાથે ન્યાય ગણાય? "અચ્છે દિન"ના વચનો પછી જો જીવનની મૂળભૂત જરૂરિયાતો જ સતત મોંઘી થતી રહે, તો જનતા પ્રશ્નો તો પૂછશે જ.શું આ મોંઘવારી પર નિયંત્રણ છે કે પછી સામાન્ય, મધ્યમવર્ગ માણસના ખિસ્સા પર સતત વધતો આર્થિક બોજ? પ્રશ્ન સ્પષ્ટ છે જો ગેસ સિલિન્ડરના ભાવ અનેકગણા વધી ગયા છે, તો શું સામાન્ય નાગરિકની ખરીદ શક્તિ અને આવક પણ એ જ પ્રમાણમાં વધી છે, કે પછી મોંઘવારીનો બોજ સતત જનતા પર જ લાદવામાં આવી રહ્યો છે?

પેટ્રોલ-ડીઝલ, રાંધણ ગેસ, સીએનજી સહિતના ભાવમાં કમરતોડ ભાવ વધારાથી જનતા ત્રાહિમામ થઈ રહી છે. વર્ષ ૨૦૧૪-૧૫ થી વર્ષ ૨૦૨૪-૨૬ ના ૧૨ વર્ષના સમયગાળામાં કેન્દ્રની ભાજપ સરકાર પેટ્રોલ - ડીઝલમાં સતત એક્સાઈઝ ડ્યુટીમાં વધારો ઝીંકીને ૪૦ લાખ કરોડ જેટલી જંગી રકમ દેશની જનતા પાસેથી વસુલી સીસ્ટમ લૂંટ ચલાવી રહી છે. સામાન્ય - મધ્યમવર્ગના પરિવારો માટે માટે ઘરનું ગુજરાન કેવી રીતે ચલાવવું તે ગંભીર પ્રશ્ન છે. સતત વધતા જતા પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી. અને રાંધણગેસના ભાવ તેમજ જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓના ભાવ વધારાથી દરેક પરિવારનો આર્થિક ચિત્ર ખોરવાઈ ગયું છે.

પેટ્રોલ - ડીઝલ, ગેસના અસહ્ય ભાવ વધારાની ભેટ આપતી ભાજપ સરકારમાં અહંકાર, નિરંકુશતાને કારણે દેશની જનતા મોંઘવારીથી ત્રાહિમામ પોકારી રહી છે, દૂધ. દહી. છાસ. આસમાનને આંબતા ભાવ થી સામાન્ય વર્ગની કમર તૂટી ગઈ છે ત્યારે પેટ્રોલ - ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં અસહ્ય વધારો કરી પ્રજાના ખિસ્સામાંથી લુંટેલા ૪૦ લાખ કરોડનો હિસાબ ભાજપ સરકાર ક્યારે આપશે ?

| **પ્રકાર** | **૨૦૧૦માં કિંમત** | **૨૦૨૬ માં કિંમત** |
|---|---|---|
| ઘરેલુ એલપીજી(૧૪.૨ કિલો) | રૂ. ૩૪૫ – રૂ. ૩૬૦ | રૂ. ૯૧૩ |
| કોમર્શિયલ એલપીજી (૧૯ કિલો) | રૂ.૧,૦૨૫ | રૂ. ૩,૧૧૩ |

| **મહિના** | **ભાવ પ્રતિ સિલિન્ડર** | **ભાવ વધારો પ્રતિ સિલિન્ડર** |
|---|---|---|
| જાન્યુઆરી | ૧૬૯૧/- | ૧૭૦/- |
| ફેબ્રુઆરી | ૧૭૪૦/- | ૪૯/- |
| માર્ચ | ૧૮૮૩/- | ૧૪૩/- |
| એપ્રિલ | ૨૦૭૮/- | ૧૭૫/- |
| મે | ૩૦૭૧/- | ૯૯૩/- |
| જૂન | ૩૧૧૩/- | ૪૨/- |

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા